Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

નં.ડીએમ/વિ.સ.ચૂંટણી/૧૫/૨૦૨૨
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી
જામનગર, તા. ૦૪/૧૧/૨૦૨૨

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળનું જાહેરનામું

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત જામનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગો માટે મતદાન તા.૦૧/૧૨/૨૦૨૨ ના રોજ થનાર છે અને મતગણતરી તા.૦૮/૧૨/૨૦૨૨ રોજ થનાર છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે. આ તારીખથી સમગ્ર રાજયમાં આદર્શ આચાર સંહિતા લાગુ પડેલી છે.

જેથી ચૂંટણી પ્રચારના અભિયાનરૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી સબંધિત મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર ઝુંબેશ શરૂ કરવામાં આવશે. આ હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવતો હોય છે. ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટની સંમતિથી બીજા કોઈ વ્યકિત, કાર્યકર, ટેકેદાર દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. તેવા સંજોગોમાં આવા વાહનોના ઉપયોગ પર દેખરેખ રાખવા અને ઉમેદવારના ચૂંટણી પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તથા ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં યોજી શકાય તે હેતુથી તેમજ તેની અસર સામાન્ય જનમાનસ તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય, જેના કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેવાની સંભાવના હોય ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુઃખ થાય અને ઘર્ષણ ઉભું થવાની સંભાવના રહે તેમજ સુલેહશાંતી ભંગ થવા સંભવ હોય ચૂંટણીના સરળ સંચાલનના હેતુથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ નીચે મુજબનો હુકમ કરવો મને જરૂરી જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર**, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂએ ફરમાવું છુ કે, સમગ્ર જામનગર જિલ્લા વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષ, વ્યકિત, સંસ્થા, ચૂંટણીના ઉમેદવાર અથવા તો તેઓની સહમતીથી કોઈપણ વ્યકિત દ્વારા કોઈપણ ઉમેદવારના કે પક્ષના કામે તેમજ ચૂંટણીના કામે વાહનોનો સબંધિત મતદાર વિભાગમાં ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો સબંધિત મતદાર વિભાગના સબંધિત ચૂંટણી અધિકારીશ્રી પાસે રજીસ્ટર્ડ કરાવવાના રહેશે. અને રજીસ્ટર્ડ કરાવેલ વાહનની પરમીટ તેઓની પાસેથી મેળવી તે વાહનોની વિન્ડ સ્ક્રીન ઉપર અથવા નાના વાહનમાં પણ સહેલાઈથી દેખાઈ આવે તે રીતે ચોંટાડવાની રહેશે. આ પરમીટમાં વાહન મતદાર વિભાગના કયા વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવી છે તેની સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે. તથા વપરાશમાં લેવાયેલ વાહનનો ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉમેરવાનો રહેશે. સબંધિત ચૂંટણી અધિકારી પાસે પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કે ચૂંટણીના કામે કરી શકાશે નહીં. આ નિયંત્રણો આર.ટી.ઓ. માન્ય વાહનોને લાગુ પડશે.

આ હુકમ ચૂંટણીની પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી (તા.૧૦/૧૨/૨૦૨૨ સુધી) અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ અધિનિયમ)ની કલમ -૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત જામનગર જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી તથા ગુજરાત રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધિ કરવી.

આજ તા.૦૪ માહે: નવેમ્બર-૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના:-

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

....સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશને જાણ કરવા તથા હુકમની જાહેરાત બહોળી પ્રસિધ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ જરૂરી કાર્યવાહી કરવા સુનિશ્ચિત કરવા સારૂ.

૨. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર.

૩. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/લાલપુર/ધ્રોલ.

૪. ચૂંટણી અધિકારી ૭૬-કાલાવડ(અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૫. ચૂંટણી અધિકારી ૭૭-જામનગર(ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર(ગ્રામ્ય)

૬. ચૂંટણી અધિકારી ૭૮-જામનગર ઉતર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી,જામનગર(શહેર)

૭. ચૂંટણી અધિકારી ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૮. ચૂંટણી અધિકારી ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર

૯. વિભાગીય પોલીસ અધિકારીશ્રી, જામનગર શહેર / ગ્રામ્ય

૧૦. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા/ભાણવડ

૧૧. મદદનીશ ચૂંટણી અધિકારી અને ચિટનીશ ટુ કલેકટરશ્રી, જામનગર

૧૨. મદદનીશ ચૂંટણી અધિકારી અને જન સંપર્ક અધિકારીશ્રી, કલેકટર કચેરી, જામનગર

૧૩. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી (પ્રોટોકોલ), જામનગર

૧૪. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, સીટી એ ડીવી./ સીટી બી ડીવી./સીટી સી ડીવી./પંચ એ ડીવી./ પંચ બી ડીવી./બેડી મરીન/ મેઘપર (પડાણા)/સિકકા/જામજોધપુર/ શેઠવડાળા/લાલપુર/કાલાવડ ટાઉન/ કાલાવડ (ગ્રામ્ય)/જોડીયા/ ધ્રોલ પો.સ્ટે., જી.જામનગર

૧૫. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૬. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...રાજયના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધી અપાવી તેની પાંચ નકલો મોકલી આપવા વિનંતી સહ.

૧૭. માન્ય રાજકિય પક્ષો (મારફત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર ) (વધારાની ૭ નકલો સાથે)

૧૮. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર

.... ઉકત જાહેરનામાંને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૧૯. આ કચેરીની રાજય ચૂંટણી આયોગ શાખા, જામનગર

૨૦. સિલેકટ ફાઈલ૧

નકલ સવિનય રવાના :-

(૧) મુખ્ય નિર્વાચિન અધિકારીશ્રી,
ગુજરાત રાજય, સામાન્ય વહિવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી,ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર

(૩) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી,જામનગર

(૪) ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી,જામનગર

(૫) જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, ફસ્ટ કલાસ કોર્ટ, ...........................

District Magistrate
કચેરી જામનગર (જિલ્લા)
सत्यमेव जयते
ગુજરાત રાજય
r District